કેસ દાખલ તારીખઃ૦૪/૦૩/૨૦૨૨
રજી.થયા તારીખઃ૦૪/૦૩/૨૦૨૨
ફેસલ કર્યા તારીખઃ૦૯/૦૭/૨૦૨૪
સમય ગાળોઃવર્ષ.... માસ....દિવસ...

| અમદાવાદના મહે.૩૯ માં’એડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૦૯.માં.,મુ.અમદાવાદ શહેર. |
|---|

ક્રિ.કે.નંબરઃ૨૮૭૨૧/૨૦૨૨
આંકઃ...

ફરીયાદીઃ- શ્રી સરકાર.

વિરૂધ્ધ.

આરોપીઃ- **<u>નં.૧.</u>** પાર્થભાઈ નિલેશભાઈ દવે
**<u>નં.૨.</u>** હિનાબેન w/o નિલેશભાઈ જ્યંતિલાલ દવે
બંને રહેવાસીઃ- મ.નં.૧૦૦૧, દસમો માળ, રીધ્ધી વિનાયક ટાવર, વિજયનગર ક્રોસીંગ પાસે, નારણપુરા, અમદાવાદ.

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી આર.કે.પટેલ.
આરોપી તર્ફે વિ.વ.શ્રી જી.જી.ત્રિવેદી.

---

ગુનોઃ ઈ.પી.કો.કલમઃ૩૨૩,૨૯૪(ખ),૧૧૪ મુજબ.

---

# - ચુ કા દો -

---

૧. ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી

તારીખઃ૨૯/૧૨/૨૦૨૧ ના કલાકઃ૧૨–૩૦ વાગે પોતાના ઘરે જીઓ ડેટા કેબલ વાયર કનેકશન લેવાનુ હોય જેથી કનેકશનનો વાયર આરોપીના ધાબા ઉપરથી આવતો હોય જેથી આ કામના આરોપીઓએ વાયર નાંખવા બાબતે આરોપી નં.૧.નાએ ફરીયાદીને ગંદી ગાળો બોલી તથા આરોપી નં.૨.નાએ ધક્કો મારી નિચે પાડી દઈ, ગડદાપાટુનો માર મારી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ, ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ નોંધાવતા ફરીયાદનાં આધારે તપાસનીસ અધિકારીશ્રીએ કાયદેસરની તપાસ કરતા, તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લિધેલા તપાસના અંતે આરોપીઓ સામે પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતા, સમન્સની કાયદેસર રીતે બજવણી થતા, આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આ કામના આરોપીઓની ગુના સબબે પ્લી આંકઃ૦૩ તથા ૦૪ થી નોંધવામાં આવેલ છે તેમાં તેઓને ફરીયાદની હકિકતો વાંચી સંભળાવી સમજાવવામાં આવતા આરોપીઓએ ગુનો કબુલ નહિ હોવાનુ જણાવતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

૩. ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **મૌખિક પુરાવાઓ** | | |
|---|---|---|
| **અ.નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
| ૧ | સાહેદ મોનલબેન પાર્થીવ કોઠમંદિરની જુબાની | ૦૫ |

૪. આ કામના ફરીયાદી હંસાબેન w/o ચંદ્રવદનભાઈ કોઠમડીનાઓ સામે પ્રોસેસ

ઈસ્યુ કરવામાં આવતા પ્રોસેસની બજવણી અમલદારશ્રીએ શેરો મારેલ છે કે, ફરીયાદી તેમના બતાવેલ સરનામે રહેતા નથી. વધુમાં ત્યારબાદ પણ ફરીયાદીને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા ફરીયાદી તેમના દર્શાવેલા સરનામે હાલમાં રહેતા ન હોવાની હકિકત અત્રેની અદાલતના રેકર્ડ પર આવેલ છે. આમ, આ કામના ફરીયાદી કે જેઓ હાલમાં તેમની ફરીયાદમાં દર્શાવેલા સરનામે રહેતા ન હોય તેઓનુ નવુ સરનામુ અત્રેની અદાલતના રેકર્ડ પર આવેલ ન હોય વળી ફરીયાદીનુ નવુ કોઈ સરનામુ અત્રેની અદાલતના રેકર્ડ પર આવેલ ન હોય જેથી જો ત્રીજીવાર પણ ફરીયાદીને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવે પણ આજ પરિસ્થિતીનુ નિર્માણ થાય તેવી શક્યતા રહેલી છે. સદર કામનુ કેસ રેકર્ડ વિ.એ.પી.પી.શ્રીનાઓ દ્વારા જોતા ફરીયાદી મળી આવે તેવી શકયતા ન હોય તેવા સંજોગોમાં વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

૫. ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

## - મુદ્દા -

૧. શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તારીખઃ૨૯/૧૨/૨૦૨૧ ના કલાકઃ૧૨-૩૦ વાગે પોતાના ઘરે જીઓ ડેટા કેબલ વાયર કનેકશન લેવાનુ હોય જેથી કનેકશનનો વાયર આરોપીના ધાબા ઉપરથી આવતો હોય જેથી આ કામના આરોપીઓએ વાયર નાંખવા બાબતે આરોપી નં.૧.નાએ ફરીયાદીને ગંદી ગાળો બોલી તથા આરોપી નં.૨.નાએ ધક્કો મારી નિચે પાડી દઈ, ગડદાપાટુનો માર મારી ઈ.પી.કો.કલમઃ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૬. ઊપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

– ન્યાય નિર્ણય માટેનાં કારણો –

મુદ્દા નંબરઃ–૧.

ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમઃ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબનાં ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદપક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

૭. ફરીયાદપક્ષ તરફથી તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૦૫ થી સાહેદ મોનલબેન પાર્થીવ કોઠમંદિરને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, બનાવ ક્યારે બનેલો શુ બનાવ બનેલો તેની ખબર નથી. તેઓના પતિ પાર્થીવ ચંદ્રવદનભાઈ એક વર્ષ પહેલા મરણ ગયેલ છે. સદર સાહેદ તેમના પોલીસ નિવેદનમાં લખાવેલ હકિકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય જેથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કર્યા બાદ વિગતવારની ઉલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ સાહેદ તેમના પોલીસ નિવેદનમાં લખાવેલ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસકરવામાં આવેલ છે તેમાં સાહેદે એ વાતનો સ્વિકાર કરેલ છે કે, બનાવ સબંધે મને કોઈ જાત માહિતી નથી.

૮. ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાની ચર્ચા કરીએ તે પહેલા સદર કામનુ કેસ રેકર્ડ ધ્યાને

લેવામાં આવે તો આ કામના ફરીયાદી હંસાબેન w/o ચંદ્રવદનભાઈ કોઠમડી કે જેઓ સદર ગુનાના કામે ઈજા પામનાર સાહેદ છે તેઓને નામદારકોર્ટ દ્વારાપ્રોસેસોની બજવણી કરવામાં આવતા ફરીયાદી હાલમાં તેમના દર્શાવેલા સરનામે રહેતા ન હોવાની હકિકત અત્રેની અદાલતના રેકર્ડ પર આવેલ હોય, વધુમાં ફરીયાદી હાલમાં કઈ જગ્યાએ રહે છે તે બાબતેની પણ કોઈ જ હકિકત અત્રેની અદાલતના રેકર્ડ પર આવેલ ન હોય જેના કારણે ફરીયાદપક્ષના અતિ મહત્વના એવા સાહેદ ફરીયાદી/ઈજા પામનાર સાહેદ નહી મળી આવવાના કારણે ફરીયાદપક્ષના કેસને મરણતોલ ફટકો પડેલ છે. જ્યારે ફરીયાદપક્ષના અન્ય સાહેદ પાર્થીવ ચંદ્રવદનભાઈ કોઠમડી કે જેઓ મરણ પામેલ હોવા બાબતેની હકિકત ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ મોનલ પાર્થીવભાઈ કોઠમડીના પુરાવાથી રેકર્ડ પર આવેલ છે. ફરીયાદપક્ષ દ્વારા એક માત્ર સાહેદ એવા સાહેદ મોનલ પાર્થીવભાઈ કોઠમડીને આંકઃ૦૫ થી તપાસવામા આવેલા છે તેઓના પુરાવાથી બનાવ વિશેની કોઈ જ હકિકત અત્રેની અદાલતના રેકર્ડ પર આવેલ નથી. પરંતુ ફરીયાદપક્ષના સાહેદ એવા સાહેદ પાર્થીવ ચંદ્રવદનભાઈ કોઠમડી કે જેઓ સદર સાહેદના પતિ થાય છે તેઓ મરણ પામેલ હોવા બાબતેની હકિકત અત્રેની અદાલતના રેકર્ડ પર આવેલ છે. આમ, સાહેદ મોનલબેનના પુરાવાથી બનાવ વિશેની કોઈ હકિકત રેકર્ડ આવેલ હોય જેથી એ.પી.પી.શ્રીનાઓએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી સાહેદની વિગતવારની ઉલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ સાહેદ તેમના પોલીસ નિવેદનમાં લખાવેલ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ, રેકર્ડ પરની તમામ હકિકત ધ્યાને લેતા ફરીયાદી મળી આવતા ન હોય તેમજ સાહેદ પાર્થીવ ચંદ્રવદનભાઈ કોઠમડીનાઓ ચાલુ ઈન્સાફી કાર્યવાહી ગુજરી ગયેલ હોવાના કારણે ફરીયાદપક્ષના કેસને મરણતોલ ફટકો પડેલ છે. જયારે ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા એક માત્ર સાહેદ મોનલબેન પાર્થીવભાઈ કોઠમડીના પુરાવાથી બનાવ વિશેની કોઈ જ

હકિકત અત્રેની અદાલતના રેકર્ડ પર આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ દ્વારા આ કામના આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપીત ગુનાની હકિકતો પુરવાર કરવામાં સફળ નિવડેલ ન હોય, પરિણામ સ્વરૂપ ઉપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબરઃ૦૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે. જ્યારે મુદ્દા નંબરઃ૦૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## – હુ ક મ –

૧. આ કામનાં આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમઃ૩૨૩,૨૯૪(ખ),૧૧૪ મુજબનાં ગુનામાંથી ફરીયાદપક્ષે જરૂરી પુરાવા રજુ નહી થવાના કારણે છોડી મુકવામા આવે છે.

૨. આરોપીઓએ કરી આપેલ જાત મુચરકા અને જામીનદારોએ કરી આપેલ જામીનખત રદ્દ કરવામા આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતનાં છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમઃ૪૩૭(એ) અન્વયે જાત–મુચરકા અને જામીનખત ચાલુ રાખવામા આવે છે.

સદરહુ હુકમ આજ તારીખઃ૦૯મી, માહે જુલાઈ સને ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ<br>
તા.૦૯/૦૭/૨૦૨૪

(દેવાંગ ચંદ્રવદન રાવલ)<br>
૩૯માં'એડી.ચીફ.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ<br>
કોર્ટ નંબરઃ૦૯,અમદાવાદ શહેર.<br>
જજ કોડ નં.જીજે.૦૧૨૦૯

આર.કે.સોનારા.